# ગિફ્ટ સિટીમાં વર્લ્ડ ક્લાસ ફિનટેક હબ બનશે

ગાંધીનગર, તા. ૧

આજે નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદ ભવનમાં મોદી કેન્દ્રમાં રહીને ૮ વખત દેશ માટે બજેટ રજૂ કરી ચુકી છે. જોકે, કોરોના કાળમાં રજૂ કરાયેલાં આ



સરકારનું વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ રજૂ કર્યું. મોદી સરકારનું આ ૯મું બજેટ છે, આ અગાઉ મોદી સરકાર બજેટમાં ગુજરાત માટે ખાસ ખુબખબરી છે. નિર્મલા સીતારમણે બજેટ ભાષણ દરમિયાન જાહેરાત કરી છેકે, ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે નવું ફિનટેક પાર્ક બનાવવામાં આવશે. જેના કારણે અંદાજે દોઢ લાખ કરતા વધારે લોકોને નોકરીની તક મળશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે જાહેર કરેલાં બજેટમાં વિવિધ મુદ્દાઓ અંગે વાત કરી. જેમાં ખાસ કરીને ગુજરાત માટે પણ મોટી જાહેરાત કરી. ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ) એ ભારતનું સર્વપ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર છે. ગિફ્ટની સંરચના પાછળનો મુખ્ય હેતુ હ્ઢજીઝ, મલ્ટિ-સર્વિસીઝ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તથા એક્સક્લુઝિવ ડોમેસ્ટિક ઝોનની ફિનટેકની સેવાઓ માટે નવા રોકાણની અપેક્ષા સાથે ગુજરાત સરકાર એક નવું ફિનટેક પાર્ક સ્થાપવાની યોજના બનાવી રહી છે. આ પાર્ક ગાંધીનગર સ્થિત ગુજરાત આંતરરાષ્ટ્રીય ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટીમાં સ્થપાશે. ફિનટેક ક્ષેત્રે તાજેતરના વર્ષોમાં બહું મોટી વૃદ્ધિ થઈ છે. સિંગાપોર આ નવા બજાર માટેનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. આ સમાન ટેકનોલોજી ભારતમાં પણ પ્રવેશી રહી છે ત્યારે ગુજરાત

**કેન્દ્રના બજેટમાં ગુજરાતને નવું નજરાણું : કેન્દ્રએ જાહેર કરેલાં બજેટમાં ગુજરાતમાં રોજગારીની નવી તકો ઉભી થશે એવા આશાવાદ વ્યક્ત કરાયો છે**

કામગીરી માટે પરિદ્દશ્યની રચનાનું છે. ફિનટેક ઉદ્યોગ માટે ડેડિકેટેડ સ્ટાટઅપ ફંડની રચના કરવામાં આવશે. ગિફ્ટ સિટીના ફિનટેક હબ દ્વારા સ્થાનિક સ્તરે રોજગારનું સર્જન કરવામાં આવશે. તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા દીર્ઘકાલીન પ્રોજેક્ટ માટે ભંડોળ ઉપલબ્ધ કરાવવા રૂ. ૨૭ હજાર કરોડની મૂડી ધરાવતા હ્વૈંની રચના કરાશે.

ગુજરાતમાં બની રહ્યું છે રૂપિયાની ટેકનોલોજીનું પાર્ક. નાણાકીય ટેકનોલોજી એટલે કે સરકાર તેનો લાભ ઉઠાવવા માગે છે. આ અંગે રાજ્ય સરકાર એક સપર્પિત ફિનટેક પોલિસી બનાવવા જઈ રહી છે, જે ગિફ્ટ સિટી તેમજ આજુબાજુના વિસ્તારોમાં સ્થપાનારી કંપનીઓને અનેક પ્રકારના પ્રોત્સાહન આપશે.

ફાયનાન્સિયલ ટેકનોલોજી (ફિનટેક) સેવા ક્ષેત્રમાં નવા રોકાણના પ્રવાહની અપેક્ષાએ ગુજરાત સરકારે નવા ફિનટેક પાર્કની સ્થાપના માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

## મનપાની સ્થાયી સમિતિએ એક સિવાયના તમામ કામ મંજૂર કર્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં એક કામને બાદ કરતાં એજન્ડામાં સૂચવાયેલ તમામ કામોને બહાલી આપવામાં આવી છે.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧ અંતર્ગત સેવન સ્ટાર રેટીંગ તથા ઓડીએફ ++ વોટર પ્લસ સર્ટિફિકેટ મેળવવા માટેની દરખાસ્ત રાજ્ય સરકારને મોકલી આપવા માટેની મંજૂરી અપાઈ હતી. ગ્રીનસીટી ક્લીન સીટીની થીમને ધ્યાને રાખી આજની બેઠકમાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં સફાઈના કામો હાથ ધરવા માટે રૂ. ૯.૪૮ કરોડના વાર્ષિક ખર્ચે કામગીરી સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૨૯મી ડિસેમ્બર ૨૦૨૦ની સ્થાયી સમિતિમાં નવા સમાવિટ વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરાના એકત્રીકરણ અને નિકાલની કામગીરી હાલની એજન્સીને સોંપવાની દરખાસ્ત થઈ હતી. મહિનાથી ટલ્લે ચડેલી આ દરખાસ્તને વધુ એક વખત મુલ્તવી રાખવાનો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો છે. આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં સમિતિના સભ્ય સ્વ. ધીરૂભાઈ ડોડિયાને બેઠકના આરંભે શ્રદ્ધાંજલિ આપી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યુ હતુ.

## જિલ્લામાં ૧૧૫૪ ફ્રન્ટલાઈન વોરિયર્સનું વેક્સીનેશન થયુ

**શહેરમાં ૬૪૪ અને ગ્રામ્યમાં ૫૧૦ વોરિયર્સનું વેક્સીનેશન થયુ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૧૫૪ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર શહેરમાં ૬ સેશન સાઈટ ખાતે ૬૪૪ અને ગ્રામ્ય વિસ્તારમાં સાત સેશન સાઈટ પર ૫૧૦ ફ્રન્ટલાઈન વોરિયર્સનું વેક્સીનેશન કરાયુ હતુ.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આજે ચાર સેશન સાઈટ અને એસઆરપી જવાનો માટે સે. ૨૭ ખાતે બે સેશન સાઈટ ઉભી કરવામાં આવી હતી.

આજે ડે. મ્યુનિ. કમિશનર પ્રિતેશ દવે, મનપાના હેલ્થ વર્કરો, ખાનગી તબીબો તેમજ પોલીસના જવાનો, હોમગાર્ડ કર્મયોગીઓનું વેક્સીનેશન થયુ હતુ. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કલોલ સી.એચ.સી. ખાતે ૮૪, માણસા સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ૧૧૪, આશ્કા હોસ્પિટલ ખાતે ૬૪, આદર્શ હોસ્પિટલ ખાતે ૫૭, સી.એચ.સી. દહેગામ ખાતે ૩૮, સી.એચ.સી. રખિયાલ ખાતે ૬૭ તેમજ સી.આર.પી.એફ. કેમ્પ સાઈટ પર ૮૬ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું વેક્સીનેશન થયુ હતુ. આજે વેક્સીનેસન દરમ્યાન કોઈને પણ આડ અસર નહિ થયાનું જણાયુ છે. નાયબ મ્યુનિ. કમિશનર દવેએ વેક્સીન લીધા પછી જણાવ્યુ હતુ કે વેક્સીન સુરક્ષીત છે. આ વેક્સીન લેવી જ જોઈએ. તેની કોઈ આડ અસર નથી.

# જિલ્લામાં કોરોનાના ૧૦ કેસ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૧૦ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫ અને ગાંધીનગર શહેરમાં ૫ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં કલોલમાં બે, માણસામાં બે અને ગાંધીનગરમાં ૧ કેસનો સમાવેશ થાય છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાં સરગાસણ ખાતે એક નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં અર્બન-૨ માં

**૯ ડિસ્ચાર્જ : સે. ૨૬ માં ૨ અને સે. ૯ માં ૩ કેસ નોંધાયા**
**માણસા-કલોલમાં બે-બે અને ગાંધીનગરમાં ૧ કેસ નોંધાયો**

કોરોનાએ પુનઃ દેખા દીધી છે. અર્બન-૨ વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. ખરણા અને મકાખાડ ગામેથી આ કેસો મળતાં તંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવાની સૂચના આપી છે.

જિલ્લામાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં કોરોનામુક્ત થયેલા દર્દીઓની સંખ્યા ૪ હજારે પહોંચી છે.

જિલ્લામાં આજે ૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૬૩૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાંથી પણ આજે કોરોનાના પાંચ કેસ મળી આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા પાંચ કેસમાંથી ૩ કેસ વિદ્યાર્થીઓના છે. આને કારણે તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નંધાયેલા પાંચ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આરોગ્યતંત્રએ સંવેદનશીલ વિસ્તારોમાં સર્વેલન્સ સઘન બનાવવા માટે તાકીદ કરી છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૬ માંથી બે અને સે. ૯ માંથી ૩ કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલા કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કોરોનાના એક્ટીવ કેસો ૫૦ થી વધુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## OTP-IRIS ઓથેન્ટિકેશનની મદદથી હવે રાશન મળશે

**રેશન કાર્ડની બાયોમેટ્રિક પધ્ધતિ બંધ કરવી પડી : હાઈકોર્ટની માર્ગદર્શિકા અનુસાર નિર્ણય, આધારકાર્ડને મોબાઇલ નંબર સાથે રેશનિંગ માટે લિંક કરવાનું રહેશે**

ગાંધીનગર, તા. ૧

અન્નપૂર્ણા અને અંત્યોદય કાર્ડ ધારકોને સહિત રેશનકાર્ડ ધારકો દર મહિને બાયમેટ્રિક પદ્ધતિને બદલે મોબાઈલ ઓટીપી અને આઈઆરઆઈએસ ઓથેન્ટિકેશનની મદદથી રાશન મેળવશે. એક અહેવાલ મુજબ, રેશનકાર્ડ સંબંધિત આ નિયમ દેશના તેલંગાણા રાજ્યમાં ૧ ફેબ્રુઆરી ૨૦૨૧ થી લાગુ થશે. આ પગલું કોરોના રોગચાળાને કારણે ફેલાયેલા ચેપથી બચાવને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે. કોવિડ ૧૯ રોગચાળાને કારણે બાયોમેટ્રિક પ્રમાણીકરણ બંધ કરવામાં આવ્યું છે.

નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, બધા કાર્ડ ધારકોને તેમના આધારકાર્ડને મોબાઈલ નંબર સાથે રેશનિંગ માટે લિંક કરવાનું રહેશે, જેથી ઓટીપી તેને મોકલી શકાય. આ નિર્ણય હાઈકોર્ટ દ્વારા જારી કરાયેલા હુકમના માર્ગદર્શિકા અનુસાર લેવામાં આવ્યો છે. દાખલ કરેલી અરજીની સુનાવણી બાદ કોર્ટે આ નિર્ણય લીધો હતો. આ અરજીમાં બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનને કારણે કોરોના ચેપ ફેલાવાની સંભાવના છે. હૈદરાબાદ અને તત્કાલીન રંગારેડ્ડી જિલ્લામાં આઈરિસ ઓથેન્ટિકેશન સુવિધાના અભાવને કારણે આ સ્થળોએ રેશન સામગ્રી મોબાઈલ ઓટીપી દ્વારા આપવામાં આવશે. હૈદરાબાદના ચીફ રેશનિંગ ઓફિસર બી બાલા માયા દેવીએ જણાવ્યું હતું કે, ૦૧ ફેબ્રુઆરીએ હૈદરાબાદની તમામ ૬૭૦ ફેર દુકાનમાં રાશનિંગ સામગ્રીનું વિતરણ ફક્ત મોબાઈલ ઓટીપી ઓથેન્ટિકેશન દ્વારા કરવામાં આવશે.

આ જિલ્લાના લોકોને આધારકાર્ડ સાથે સંકળાયેલા મોબાઈલ નંબર પર ઓટીપી મોકલવામાં આવશે. માયા દેવીએ તમામ કાર્ડ ધારકોને સામગ્રી મેળવવા માટે તેમના આધાર કાર્ડને મોબાઈલ નંબર સાથે લિંક કરવા સૂચન કર્યું છે. તેલંગાણા રાજ્યમાં ૮૭,૪૪,૨૫૧ રેશનકાર્ડ ધારકો છે. હૈદરાબાદ જિલ્લામાં કાર્ડ ધારકોની સંખ્યા ૫,૮૦,૬૮૦ છે, જ્યારે રંગરેડ્ડીમાં આ સંખ્યા ૫,૨૪,૬૫૬ છે. મેડચલ મલકજગિરીમાં ૪,૯૪,૮૮૧, વિકરાબાદમાં ૨,૩૪,૯૪૦ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# કશું નથી છતાં પણ ઘણું બધુ છુપાયેલુ છે આ બજેટમાં..!!

ગાંધીનગર, તા. ૧

આજે કેન્દ્રિય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કોરોના મહામારી સમયનું પહેલું નાણાંકીય અંદાજપત્ર રજૂ કર્યુ હતુ જેમાં સામાન્ય-મધ્યમ નાગરિકોની અપેક્ષા મુજબની કોઈ દેખીતી રાહતો આપવામાં આવી નથી પરંતુ કેટલાંક એવા પગલાં લેવામાં આવ્યા છે જે નાનાથી માંડીને મોટા વેપારી-ઉદ્યોગોને પ્રોત્સાહન આપે તેવા છે, સરકારની દિશા દેશમાં રોજગારી અને જીડીપી વધારવાની છે તે સ્પષ્ટ જણાય છે તેમજ ખેડૂતોથી માંડીને વરિષ્ઠ નાગરિકો માટેની જોગવાઈઓ પણ આવરી લેવાઈ છે. પહેલી નજરે બજેટમાં આવકવેરાના દરોથી માંડીને અન્ય કોઈ મોટો ફેરફાર દેખાતો નથી પરંતુ બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને 'નલ સે જલ' તથા આરોગ્ય જેવી પાયાની બાબતો માટે નાણાની ફાળવણી ઘણુ બધુ કહી જાય છે. પહેલાવીર પેપર લેસ અને ડિજીટલાઈઝેશનને પ્રોત્સાહન આપતા આ બજેટ અંગે ગાંધીનગર ગીફ્ટસિટીને પણ આવરી લેવાઈ છે ત્યારે આ બજેટ અંગે શહેરના નિષ્ણાતોનો મત જાણવા ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો છે.

### કરદાતાને રાહતની અપેક્ષા ઠગારી નીવડી



"કેન્દ્રિય બજેટમાં નાંણામંત્રી દ્વારા આવકવેરાના દરમાં કોઈપણ જાતનો ફેરફાર કરવામાં આવ્યો નથી જેથી પગારદાર કે ધંધા-વ્યવસાયની આવક ધરાવતા નાગરિકોને કોઈ મોટો લાભ પ્રાપ્ત થયો નથી. કરદાતાઓની આ વર્ષે કોરોના મહામારીના કારણે ખૂબ જ ઉંચી આશાઓ અને અપેક્ષાઓ આપી. આ બજેટમાં વરિષ્ઠ નાગરિકોને પેન્શન અને વ્યાજની આવક હોય તો તેવા કરદાતાઓને રીટર્ન ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે તે આવકારદાયક પગલું કહી શકાય."

**- હરીશ ત્રિવેદી, ટેક્ષ એડવોકેટ**



ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપરાંત મૂડીલક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા કે ઈન્શ્યુરન્સમાં ૭૪ ટકા એફડીઆઈ, બેંકોની એસેટ વેલ્યુ રિઆલાઈઝેશન વગેરે પગલાં આવકારદાયક છે. બજેટમાં ખેડૂતો માટે તથા કરદાતા માટે વન નેશન વન કાર્ડ અને તકરાર નિવારણ સમિતિ જેવી જોગવાઈઓ સાથે ઉદ્યોગોને પ્રોત્સાહિત આપતુ તેમજ આત્મ નિર્ભર ભારતની દિશામાં વિકાસની ગતિને વધારતું બજેટ છે.

**- કમલ જૈન, કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિ.**

### બીઝનેસ કરવો સરળ બનશે

"કોવિડ-૧૯ના કારણે મધ્યમવર્ગને માર પડ્યો છે તેમાં સરકાર રાહતો આપશે તેવી અપેક્ષા હતી પરંતુ તેમાં કોઈ રાહત આપી નથી કે ટેક્ષ સ્લેબમાં પણ કોઈ ફેરફાર કર્યો નથી. જો કે સામે



કોઈ નવો ટેક્ષ પણ ઉમેર્યો નથી તે સારી બાબત છે. ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ માટે ડિજીટાઈઝેશનને પ્રાધાન્ય આપવા સાથે નાના વેપારીઓને જીએસટીમાં ગુંચવણભરી બાબતોને દૂર કરી સરળ બનાવાયુ છે, હવે જીએસટી ઓડિટની જરૂર નથી તે દર્શાવે છે કે બજેટ દ્વારા સરકારે વેપાર કરવા માટે સારૂ વાતાવરણ બનાવ્યું છે. બીઝનેસ માટે ભારતમાં પ્રક્રિયાઓ સરળ બનાવવાની જરૂર હતી સરકાર તે દિશામાં આગળ વધી છે."

**- બ્રિજેશ ઠાકર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**

### ઉદ્યોગપતિઓને લ્હાણી કરતું બજેટ

"મંદી, મોંઘવારી અને મહામારીમાં પરેશાન સામાન્ય-મધ્યમ વર્ગની મુશ્કેલી વધારનારૂ બજેટ છે. કેન્દ્રિય બજેટથી ગરીબ અતિ ગરીબ બનશે. એક



તરફ રેલવે-એરપોર્ટનું ખાનગીકરણ કરી રહ્યાં છે ને બીજી તરફ નવા એરપોર્ટ બનાવવાની વાત એટલે પ્રજાના નાંણાથી અપગ્રેડેશન કરવું અને તેને પછી ઉદ્યોગપતિઓના ચરણોમાં ભેટ કરી દેવામાં આવશે. બજેટમાં શિક્ષણ સંસ્થાઓને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં ઘટાડો કરાયો છે અને રેલવે, એલઆઈસી, બીએસએનએલ, બીપીસીએલ જેવા નફા કરતા જાહેર સાહસો વેચવાનું અભિયાન આદર્યુ છે, હવે રસ્તા અને હાઈવે પણ ઉદ્યોગપતિઓને ભેટ કરી દેવાશે. નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે આવકવેરાના સ્લેબને ૫ થી ૧૦ લાખ સુધી કરવાની વાતો કરતા હતા તેમાં કોઈ ફેરફાર તેમણે કર્યો નથી."

**- નિશિત વ્યાસ, મહામંત્રી, પ્રદેશ કોંગ્રેસ**

### વરિષ્ઠ નાગરિકોએ તો રીટર્ન ભરવુ જ પડશે

"કેન્દ્રિય અંદાજપત્ર એકંદરે સારૂ જણાય છે. આ બજેટમાં નાંણા મંત્રીએ સિનિયર સિટીઝન્સ માટે ૭૫ વર્ષથી વધુ વય હોય અને પેન્શન તથા વ્યાજની આવક હોય તેમને આવકવેરાનું રીટર્ન ભરવામાંથી મુક્તિ આપી છે તે સારી બાબત છે પરંતુ જોગવાઈને જોતાં એવું લાગી રહ્યું છે કે આ કરદાતાઓને વ્યાજની આવકમાંથી સીધો ટેક્ષ



કપાઈ જાય છે તેનું રીફંડ લેવા માટે તો રીટર્ન ફાઈલ કરવી જ પડશે, ખરેખર તેમાં છૂટ મળવી જોઈએ જેથી વરિષ્ઠ નાગરિકોને આવકવેરા કચેરીના ધક્કા ખાવામાંથી મુક્તિ મળે. આ સાથે કોરોના કાળને અનુલક્ષીને સરકારે પેટ્રોલના ભાવ ઘટાડ્યાં હોત તો સારૂ થાત."

**- અરૂણ બુચ, પ્રમુખ, શહેર વસાહત મહામંડળ**

### દેશને ઉંચાઈ પર લઈ જતું બજેટ

"કોરોનાને કારણે વૈશ્વિક અર્થતંત્રની નકારાત્મક અસરોમાંથી દેશને ઉંચાઈ પર લઈ જવાની બાબત આ બજેટ દ્વારા અભિવ્યક્ત થાય છે, આત્મ નિર્ભર ભારત માટે કેન્દ્રિય બજેટના ૧૩ ટકા જેટલી રકમ ફાળવવામાં આવી છે જેમાં



ફાળવેલા ૨૭.૧ લાખ કરોડ રૂપિયા એક 'મીની બજેટ' સમાન છે. કોવિડ વેક્સિન માટે ૩૫ હજાર કરોડ, નાગરિકોના સ્વાસ્થ્ય માટે ૨.૨૩ લાખ કરોડ જે ગત બજેટ કરતાં ૧૩૭ ટકા વધુ છે તે 'સ્વસ્થ ભારત'ના મંત્ર સાકાર કરશે. ૭૫ વર્ષથી વધુ વયના નાગરિકો માટે આવકવેરા રીટર્ન ભરવામાંથી મુક્તિ એ આશિર્વાદરૂપ અને કિસાનોની આવક બમણી કરતુ બજેટ દરેક વર્ગ માટે હિતકારક. પહેલીવાર પેપરલેસ બજેટ રજુ થયું તે આવકારદાયક.

**- કાર્તિક પટેલ, કોર્પોરેટર**

### આત્મનિર્ભર ભારત તરફનું સર્વ સમાવેશક બજેટ

"નરેન્દ્ર મોદી સરકારે "સર્વ જન સુખાય, સર્વ જન હિતાય" સાર્થક કરતું સર્વ સમાવેશક બજેટ રજૂ કર્યુ છે જે આત્મ નિર્ભર ભારતનું માત્ર સ્વપ્ન નહી પરંતુ આત્મ નિર્ભર બનવા માટે એક કદમ આગળના વિઝનને ચરિતાર્થ કરે છે. આવનારા સમયમાં તમામ ક્ષેત્ર જેવા કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એગ્રિકલ્ચર, વેપાર વગેરેમાં ભારત વિશ્વમાં એક મોડેલ બને તથા હેલ્થ, શિક્ષણ, પાણીમાં અગ્રેસેસ બનવા સાથે પર્યાવરણ જળવાય તેવા બજેટને આવકારૂ છુ. ગાંધીનગરમાં



ગિફ્ટ સિટી માટે વિશેષ જાહેરાતથી સ્થાનિક રોજગારી વધશે અને વિશ્વમાં આકર્ષણરૂપ બને. વરિષ્ઠ નાગરિકો માટે રીટર્નમાંથી મુક્તિ, ૨૦૨૪ સુધીમાં "હર ઘર, નલ સે જલ" માટે ફાળવણી, ખેડૂતોના ઓઝારોના ભાવ ઘટે તે માટેના પગલાં પ્રસંશનીય છે."

**- આશિષ દવે, પૂર્વ ચેરમેન, ગુડા**

### સરકારે ધાર્યુ હોત તો વધુ લાભ આપી શકત

"બજેટ સમાજના બધા વર્ગોની સાર સંભાળ લેતુ હોય તેવુ લાગી રહ્યું છે, ફેસલેસ અપીલની જોગવાઈ કરીને બજેટમાં પારદર્શિતાને વધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ૭૫ વર્ષથી ઉપરની



વયના સિનિયર સિટીઝન્સને સારી રાહત આપવામાં આવી છે. આ બજેટમાં સ્ટાર્ટ અપ કંપનીઓને તેમજ ડિજીટાલાઈઝેશનને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. નાના અને મધ્યમ કદના કરદાતાઓ માટે ડિસ્પુટ રિઝોલ્યુશન પેનલની રચના કરીને રાહત આપી છે પરંતુ જો સરકારે ધાર્યુ હોત તો હજુ ઘણા લાભ આપી શકાયા હોત. એકંદરે બજેટ સારૂ છે."

**- દર્શિત સેજાણી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**

### મધ્યમ બજેટ કહી શકાય

"કેન્દ્રિય બજેટમાં જે અપેક્ષા હતી તે મુજબ આવકવેરાઓ કે અન્ય કોઈ મોટા ફેરફાર દેખાતા નથી. વરિષ્ઠ નાગરિકોને લાભ મળશે પરંતુ કોરોના મહામારીને કારણે મધ્યમવર્ગને જે લાભ મળવાની



અપેક્ષા હતી તે જોવા મળતી નથી. વેપારીઓ માટે આ બજેટમાં રાહત અપાઈ છે જેમાં એસેસમેન્ટ કેસમાં જે મુદત છ વર્ષની હતી તે ઘટાડીને ત્રણ વર્ષ કરી છે તે આવકારદાયક છે, એકંદરે આ બજેટ બહુ સારૂ કે ખરાબ કહેવાને બદલે મધ્યમ કહી શકાય તેવું છે."

**- કેતન મહેતા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**

### અર્થતંત્રને ગતિશીલ કરતું બજેટ છે

"કોરોના મહામારી લોકડાઉન ગ્રસિત મંદીમાં સપડાયેલા ભારતીય અર્થતંત્રને ગતિશીલતા આપી ચેતનવંતુ કરવા માટે નાણાં મંત્રીએ રજુ કરેલ બજેટ એકંદરે આવકારપાત્ર છે. ખાસ કરીને આન્તર માળખાકીય સવલતો વિકસાવવા-રેલવે, રસ્તા, ઊર્જા, આરોગ્ય સુવિધાઓ, જલ સિંચાઈ,



કૃષિક્ષેત્ર, સ્વચ્છતા, આત્મનિર્ભર ઉદ્યોગ ધંધા ઈત્યાદિમાં મોટા પ્રમાણમાં મુડી રોકાણની જોગવાઈ તેમજ નાણાંકીય સુવિધાઓ વિકસાવી ડેફિસીટ બજેટ અને વિદેશી મુડી રોકાણના સહારે અર્થતંત્રને ગતિશીલ કરવા નાણાં મંત્રીએ રજુ કરેલ બજેટ બદલ અને પંચોતેર વર્ષ ઉપરના સિનિયર સિટીઝનને રીટર્ન ભરવામાં મુક્તિ તેમજ તેમને પેન્શનની તેમજ વ્યાજની આવકમુક્તિ આવકારપાત્ર છે. આવા વરિષ્ઠોને ચિંતામુક્ત કરવા બદલ નાણાંમંત્રીને અભિનંદન."

**- સુમંતભાઈ મં. શાહ, સિનિયર સિટીઝન**

### આત્મનિર્ભર ભારતની દિશામાં આગળ વધવામાં મદદરૂપ થશે

બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમાં હેલ્થ એન્ડ વેલ બીઈંગ, અર્બન વોટર મિશન, સ્વચ્છ હવા, સ્વચ્છ ભારત વગેરે બાબતે નાણાંની ફાળવણી એ પ્રસંશનીય કદમ છે. આ સાથે રેલવે, સ્પેસ, શેડ, ટ્રાન્સિમિશન, શીપીંગ વગેરે જેવા નક્કર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com